# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

(Accredited By NAAC : 'B' Grade)

**વર્ષ : ૧** | નવેમ્બર - ૨૦૦૭ (માસિક અંક) | ✲ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/- ✲ છુટક નકલ રૂ. ૫/- | **સળંગ અંક : ૨**



✲ **તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ **સહ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)
પ્રા. વિજયભાઈ પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા

✲ **વિદ્યાર્થી સંપાદકો :**
હાર્દિક પટેલ
હિમાંશુ પટેલ
ફરહાનબાનુ દિવાન
પ્રતિક્ષા પ્રજાપતિ
હાર્દિક દવે
દિપેશ ડાભી
કૃતિકા પટેલ
વિનુભાઈ જોષી
રવિ જોષી
સુરેશ સોલંકી
પરમાર લક્ષ્મીબેન



✲ **પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Website :
www.petladcollege.com


## દિપોત્સવી અંક

**તંત્રીશ્રીની કલમે....**

### આ છે અધ્યાપકની સાચી સાધના

કોઈપણ દેશની સર્વાંગુણ સધ્ધરતાનો પાયો તેનો સુસંવાદી અને સુદૃઢ સમાજ છે, અને એવા સમાજના સ્થાપત્યની આધારભૂત શિલા તેની જાગરૂક વ્યક્તિ છે. વ્યક્તિ-સમદષ્ટિના સુસંકલિત સંબંધો પરસ્પર ઉપકારક નીવડતા હોય છે. આવી વ્યક્તિ અને આવા સમાજના નિર્માણ કાજે જવાબદારીની ભાવનાવાળા, નિષ્ઠાના સદ્‌ગુણે અલંકૃત, વ્યવસાયને *ધર્મ અને યજ્ઞધર્મ* સમજતા, અતંદ્ર જાગ્રતિ સેવનારા પ્રાધ્યાપકની-ગુરુની-સદ્‌ગુરુની અનિવાર્ય આવશ્યકતા હોય છે. આવા પ્રાધ્યાપકોથી જ સમાજ અને દેશ વિકાસની કેડી કંડારતો હોય છે.

આપણે ત્યાં કહેવાયું છે કે, '*જન્મના જાય તે શુદ્ર સંસ્કાર દ્વિજ જાય તે.*' અર્થાત્ જન્મથી આપણે બધાં જ શુદ્ર છીએ પણ સંસ્કાર દ્વારા આપણે બ્રાહ્મણ બનીએ છીએ. જે જ્ઞાનથી, ચારિત્ર્યથી સતત આગળ વધે છે, વિકાસ પામે છે તે બ્રાહ્મણ. શુદ્રમાંથી સંસ્કાર દ્વારા બીજો જન્મ થાય ત્યારે સાચો બ્રાહ્મણ બન્યો કહેવાય. આ *દ્વિજીકરણનો વિધિ* કરનાર સારો અધ્યાપક છે.

વિદ્યાર્થીઓ આ દેશનું *યુવાધન* છે તો અધ્યાપકો આ દેશની *જ્ઞાનસંપદા* છે. આ દેશની સંસ્કૃતિના ઘડતરના વિકાસમાં પ્રાધ્યાપકોનું મહામૂલું પ્રદાન રહેલું છે. વેદમાં શિક્ષકો-અધ્યાપકો માટે ખાસ બે ગુણ બતાવવામાં આવ્યા છે. એક *પથિકૃતનો ગુણ* અને બીજો *વિચક્ષણતાનો ગુણ.* પથિકૃત એટલે રસ્તો શોધનારો અને વિચક્ષણ એટલે **Path-Finder** ચારે તરફ જોનારો **Vision** વાળો, દૃષ્ટિવંત. સાચો અધ્યાપક રસ્તો ખોળે છે, શોધે છે અને નવો રસ્તો બનાવે છે, પછી સૌને તેના પર ચાલવાનું કહે છે. કેડી કંડારવી અને લોકોને તેના પર પ્રયાણ આદરવાનું કહેવું એ કામ જેવું તેવું નથી, અધ્યાપકની આ સાચી સાધના છે.

અધ્યાપકનું મુખ્ય કાર્ય *જ્ઞાનદેવું* અને *જ્ઞાનલેવું* એ છે. આ જ્ઞાનની આપલેમાંથી જ જ્ઞાનગંગોત્રીનું ઝરણું અવિરત વહેતું હોય છે, અને પછી આગળ જતાં તે *જ્ઞાનગંગા*નું સ્વરૂપ ધારણ કરે છે; જેમાં સ્નાન કરી હજારો વિદ્યાર્થીઓ ધન્ય બને છે. એક આદર્શ અને સાચા અધ્યાપકમાં આ બંને વિશેષોનો સમુચ્ચય થયેલો હોવો જરૂરી નહિ પણ આવશ્યક છે.

એક અધ્યાપકનું મહત્ત્વનું કાર્ય પોતાના વિદ્યાર્થીઓને પુત્રવત્સલભાવથી જ્ઞાનની *દીક્ષા-શિક્ષા* આપવાનું છે. અધ્યાપક બીજા ગમે તેટલાં કાર્યક્ષેત્રોમાં નિપુણ હોય, પરંતુ તેના સૌ ઉજ્જવલ કાર્યોમાં સૌથી મહત્ત્વનું કાર્ય અધ્યાપક તરીકેનું છે. એક નિષ્ઠાવાન અધ્યાપક પોતાના કાર્યને-શિક્ષણને કદાપિ *વ્યવસાય તરીકે* સ્વીકારતો નથી, પરંતુ એને પોતાનો *સ્વધર્મ* માને છે. ગુજરાતી ભાષા-સાહિત્યના મૂર્ધન્ય કવિ-વિવેચક શ્રી ઉમાશંકર જોષીની જેમ ભલે 'વર્ગને સ્વર્ગ' ન માનો, પણ શિક્ષણકાર્યમાં તો અધ્યાપકે નિષ્ઠાપૂર્વક અને પરમ પરિતોષથી કાર્ય કરવું જોઈએ. અધ્યાપકમાં જ્ઞાનસંપદા ભલે મર્યાદિત હોય - ઓછી હોય પણ પોતાના સ્વધર્મ પ્રત્યે તે ભક્તની જેમ સદા જાગૃત રહેલો હોય તો આપણા આ ક્ષેત્રમાં કશી વાતની ઊણપ વર્તાતી નથી. *વિદ્યાર્થીએ વિદ્યાના સાચા અર્થી બનવાનું છે; જ્યારે અધ્યાપકે સાચા જ્ઞાનદાતા ને સંસ્કારદાતા બનવાનું છે.*

### ✲ નૂતન વર્ષાભિનંદન ✲

*આથી કોલેજના તમામ વિદ્યાર્થી તથા તેમના કુટુંબીજનો અને સંસ્થાના શુભ ચિંતકોને સમગ્ર કોલેજ પરિવાર તરફથી દિવાળી નૂતન વર્ષની શુભ કામનાઓ.*

શાળા-કોલેજમાં દાખલ થયા પછી માત-પિતા કરતાં વિશેષ સંસ્કાર અધ્યાપક પાસેથી વિદ્યાર્થી મેળવતો હોય છે. વળી, વિદ્યાર્થી અધ્યાપકને જ જ્ઞાનમૂર્તિ સમજતો હોય છે. જ્ઞાનના આદાન-પ્રદાનમાં આ વિશ્વાસ-શ્રધ્ધા ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. અધ્યાપકના જ્ઞાન કરતાં પણ એના શીલનો પ્રભાવ વિદ્યાર્થી અસંપ્રજ્ઞાતપણે સતત ઝીલતો જ હોય છે. એટલે અધ્યાપકમાં *શીલ અને જ્ઞાન* અતિ મહત્ત્વનાં છે. પણ એ જ્ઞાન-શીલમાં વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાનાં સંતાનો સમાન પ્રેમ ન ભળે-મળે તો બધા સંબંધો શુષ્ક રહી જતા હોય છે. *જ્ઞાન, શીલ અને પ્રેમના ત્રિવેણી સંગમથી* જ વિદ્યાર્થી પુત્રવત્ બની જાય છે. એ પ્રકારના સંબંધોનું મૂલ્ય રૂપિયા આના પાઈમાં માપી શકાય તેવું હોતું નથી. જ્ઞાન તો પિતામાં પણ હોય, પણ માતૃવત્, *વાત્સલ્ય ન હોય તો એ બધું વ્યંઢળમૂલ્ય* જેવું સમજવું. જ્ઞાન પણ ગ્રાહ્ય અને સાર્થક્ય બને છે વત્સલ સંપદાને કારણે. જે અધ્યાપકોમાં પ્રજ્ઞા અને શીલનો સમન્વ થયેલો હોય છે એમનો પ્રભાવ વિદ્યાર્થીઓ, કોલેજ, સંસ્થા અને સમાજ પર કાલાતીત હોય છે, એ ભૂલવું ન જોઈએ.

સમગ્ર શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં અધ્યાપકનું સ્થાન એક *ઉદ્દીપક* તરીકેનું છે. વિદ્યાર્થીની સમગ્ર કારકિર્દી ઘડવામાં અધ્યાપકે એક ***Friend, Philosopher*** અને ***Guide*** તરીકેની મહત્ત્વની અને રચનાત્મક ભૂમિકા અદા કરવાની છે. તો બીજી બાજુ શૈક્ષણિક સંસ્થાના વિકાસમાં પણ તેનું સ્થાન કેન્દ્રમાં છે. શૈક્ષણિક સંસ્થાઓ તેના અધ્યાપકોના સાચા વિત્તથી તેમની જ્ઞાનસંપદાની સજ્જતાથી ઓળખાય છે. અધ્યાપકનું વિત્ત તેની શૈક્ષણિક સજ્જતા, જ્ઞાનના વિસ્તરતા જતા સીમાડા અને પોતાના વિષયમાં છેલ્લામાં છેલ્લા વિકાસ અને સંશોધનમાં તે કેટલી ઝડપથી તાલ મિલાવે છે તેના પર છે. સાંપ્રત સમયમાં જ્ઞાનનો વિસ્ફોટ ઝડપી થતો જાય છે. દરેક વિષયમાં સંશોધને લઈને જ્ઞાનની ક્ષિતિજો એટલી ઝડપથી વિસ્તરતી જાય છે કે જો અધ્યાપક એના વિષયના વર્તમાન પ્રવાહો સાથે કદમ મિલાવી નહિ શકે તો તે પાછળ રહી જશે. ગઈકાલનું સંસોધન આજે જુનું થયું છે એનો સતત ખ્યાલ રાખી વધુ ને વધુ વિકાસોન્મુખ બની, પોતાની શૈક્ષણિક વિષયની સજ્જતા વધારવા એને સતત કાર્યરત રહેવું પડશે અને આમ બનશે તો જ તે પોતાના ક્ષેત્રમાં ટકી રહેશે.

અધ્યાપકનું સામાજિક ઉત્તરદાયિત્વ (***Sovial Accountatbility***) પણ છે. સમાજમાં પ્રવર્તમાન જૂની રૂઢિઓ, પ્રણાલિઓ, રિવાજો, સામાજિક દૂષણોમાંથી સમાજ અને દેશને બહાર લાવવાની તેની ફરજ છે. કેટલાંક દેશોમાં ક્રાંતિ લાદવામાં ત્યાંના શિક્ષકો અધ્યાપકોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અધ્યાપકે સતત્ અધ્યયન દ્વારા તેની અધ્યાપકીય સજ્જતા વધારવી જોઈએ. અને તેનો લાભ વિદ્યાર્થીઓ અને એ દ્વારા સમાજ સુધી પહોંચાડવો જોઈએ.

આપણા અભ્યાસના સર્વ વિષયોની પાછળ અમુક શક્તિના વિકાસની શક્યતાનો અંદાઝ રહેલો છે. ઈતિહાસનું શિક્ષણ આપણી ઐતિહાસિક વિકાસની દૃષ્ટિ આપણને છીએ તે કરતાં વધુ ડાહ્યા બતાવે છે. ગણિતનું શિક્ષણ આપણી ગણિતિક શક્તિઓનો વિકાસ કરે છે, જેની આવશ્યક્તા ભાવિજીવનમાં ડગલે ને પગલે વરતાય છે. કલાનું શિક્ષણ આપણી રસેન્દ્રિયને કુણી બતાવે છે, સૌંદર્ય પ્રત્યે અભિમુખ બનાવે છે અને સંસ્કારિતામાં વધારો કરે છે. એ જ રીતે સાહિત્યનું શિક્ષણ આપણી કલ્પનાશક્તિને સમાર્જિત કરી જીવનની સારપ પ્રત્યે અભિમુખ કરે છે. કલ્પનાની સાથે તે હૃદયની કેળવણી અને ઊર્મિની સંપદાને પણ સંવર્ધી-સંસ્કારે છે. પ્રત્યેક વિષયના શિક્ષણ સાથે માનવીની અમુક-અમુક શક્તિઓના વિકાસની શક્યતા સાભિપ્રાયતા સંકળાયેલી હોય છે. અધ્યાપકે આવી સ્પષ્ટ સમજણ સાથે વિષયને ન્યાય આપવો જોઈએ અને વિદ્યાર્થીને એ પ્રકારનો લાભ થાય તે જોવું જોઈએ.

મિત્રો, ડૉક્ટરની દવા કે ઈન્જેક્શન દ્રવ્ય કે કીર્તિ તાત્કાલિક રળી આપે, વકીલની દલીલબાજી સ્વલ્પ સમયમાં ફળદાયી નીવડે, પણ અધ્યાપકે તો માતાની જેમ એક પેઢી સુધી ધીરજ ધરવાની હોય છે. અધ્યાપકનું કાર્ય એકાદ પચ્ચીસી પછી ઊગી નીકળે છે. ૨૫-૩૦ વર્ષની કામગીરીમાં ૨૫-૩૦ ઉત્તમ વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરનાર અધ્યાપકનું વળતર લાખે લેખા કરતાં ડૉક્ટર, વકીલ કે સફળ વેપારી કરતાં રજમાત્ર કમ નથી. સ્થૂળ કમાણીની ત્રિરાસી માંડી શકાય, આંતરિક જ્ઞાનસંપદાની નહીં, માતાના ધાવણનું મૂલ્ય મિત્રો શું હોઈ શકે!

પારણાથી તે સ્મશાન સુધીની નહિ; પણ ગર્ભધાન થી તે નવજન્મ શિશુ સુધીની શિક્ષણની પ્રક્રિયા ધારાવાહી રહેવી જોઈએ, અને અધ્યાપક માટેનું શિક્ષણ એ તો જીવનભરની સાધના બનવી જોઈએ. અને જો આમ બનશે તો શિક્ષણક્ષેત્રે દેશની આવતીકાલ કંઈક જુદી જ હશે, એમાં સહેજ પણ શંકાને સ્થાન નથી. વિનોબાએ સાચે જ કહ્યું છે કે, ''જે રાષ્ટ્ર શિક્ષકની કદર કરતું નથી, તેને સન્માનતું નથી, તે ડૂબે છે. શિક્ષણના માળખાનો પ્રાણ, એ માળખાનો રચનારો સ્થપતિ સુજ્ઞ અને સાથે-સાથે તાજો નહિ હોય તો ગમે તેવું સોનેરી માળખું તૂટીને જમીનદોસ્ત થશે.''

☆ ☆ ☆

## સંસ્થાના સમાચાર :

- આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ ભાદરણ મુકામે અર્થશાસ્ત્ર વિષયના નીચેના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીલક્ષી એક દિવસીય આંતરકોલેજ સેમિનારમાં ભાગ લઈ પોતાના સંશોધન પત્ર રજૂ કર્યા હતા, અને પ્રમાણપત્ર મેળવ્યા હતા.
  ૧) જોષી રવિ જે. - ટી.વાય.બી.એ. ૨) ભોઈ દક્ષેશ એમ. - ટી.વાય.બી.એ. 3) દલવાડી હેતલ એસ. - એફ.વાય.બી.એ.
  ૪) દેસાઈ પ્રજ્ઞેશ એસ- એફ.વાય.બી.એ.
- એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ ખાતે યોજાયેલ વિદ્યાર્થીલક્ષી એક દિવસીય 'આંતરકોલેજ સેમિનાર'માં અર્થશાસ્ત્રના નીચેના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું પેપર રજૂ કર્યું હતું. અને પ્રમાણપત્ર મેળવ્યા હતા. પેપરનો વિષય હતો 'ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતાની ભારતમાં તકો અને પડકારો'.
  ૧) જોષી રવિ જે. - ટી.વાય.બી.એ. ૨) ભોઈ દક્ષેશ એમ. - ટી.વાય.બી.એ. 3) દલવાડી હેતલ એસ. - એફ.વાય.બી.એ.
  ૪) મકવાણ હર્ષદ એ - એફ.વા.બી.એ. ૫) દેસાઈ પ્રજ્ઞેશ એસ- એફ.વાય.બી.એ.
- આર્ટ્સ, સાયન્સ અને કોર્મસ કોલેજ-ભાદરણ મુકામે યોજાયેલ વિદ્યાર્થી લક્ષી એક દિવસીય આંતરકોલેજ સેમીનારમાં પ્રા. સુધાબેન એસ. વ્યાસે 'વિષય નિષ્ણાંત ' તરીકેની ફરજ બજાવી હતી.
- ગુજરાત યુનિર્વસિટી દક્ષિણઝોન આંતર કોલેજ બોકસિંગ બહેનો સ્પર્ધામાં..
  (૧) ૪૫ કિલો વેઈટગૃપમાં પટેલ ઝલક પી. પ્રથમ ક્રમે (૨) ૪૮ કિલો વેઈટગૃપમાં પ્રજાપતિ રીનલ કે પ્રથમ ક્રમે (૩) ૫૦ કીલો વેઈટગૃપમાં ચૌહાણ હેતલબેન જી. પ્રથમ ક્રમે, (૪) ૫૪ કીલો વેઈટગૃપમાં કાછીઆ પારૂલ આર પ્રથમ ક્રમે આવીને કુલ ૨૦ પોઈન્ટ પ્રાપ્ત કરી સતત બીજા વર્ષે બોકસિંગ બહેનોની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી. સંસ્થાને ગૌરવ અપાવ્યું હતું.
- દંતાલી સ્થિત શ્રી ભક્તિનિકેતન આશ્રમના પ્રાતઃસ્મરણીય સમાજહિત ચિંતક સ્વામિશ્રી સચ્ચિદાનંદજી મહારાજ અને સ્વામિ સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજની વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓનો અભ્યાસ ઉત્તરોત્તર વધુ વિકાશોન્મુખ અને સઘન બને એ માટે પુસ્તકદાન પેટે રૂપિયા ૧ લાખ (એક લાખનું) અનુદાન વર્ષ ૨૦૦૭-૦૮ માટે મળેલ છે. આ માટે અમારી સંસ્થા સ્વામિશ્રી સચ્ચિદાનંદજી અને તેઓના ટ્રસ્ટ ની સદા ઋણી રહેશે.

## " નથી ખબર "

જીવન જીવી રહી છું હું,
મને જિંદગીની નથી ખબર,
પલ-પલ તડપું છું તારી યાદમાં,
મને તડપની નથી ખબર,
ઝંખું છું ફુલને સદા,
મને કાંટાની નથી ખબર,
સ્વપ્ન નિહાળું છું તારી યાદમાં,
મને મિલનની નથી ખબર,
શોધી રહી છું રસ્તાને,
મને જિંદગીની નથી ખબર,
ચાહું છું સદા તને,
મને ચાહતની નથી ખબર,
પામવા માગું છું હર્ષને સદા,
મને શોકની નથી ખબર,
પ્રયત્ન કરતી રહું છું સદા,
મને નિષ્ફળતાની નથી ખબર,
લલકારું છું સદા ગીતને,
મને સંગીતની નથી ખબર,
યાદ કરું છું રોજ ઈશ્વરને,
મને ભક્તિની નથી ખબર,
મરવા માગું છું તારી યાદમાં,
મને ''મૃત્યુની'' નથી ખબર.

- પરમાર લક્ષ્મી જી. ટી.વાય.બી.એ.

## અરે ! રોજગારીનો અભાવ

અરે ! રોજગારીનો અભાવ
ઊમટી પડી છે ભાઈ માણસની જાત
જાત ઊમટી રે ખુટ્યું રોટલીનું બટકું
વધી ગયો રે ભાઈ રોજગારીનો અભાવ
અરે ! રોજગારીનો અભાવ
ભણ્યા ગણ્યા પણ છે ગરીબ
ગરીબ હોય તો ક્યા રોજગારી
અરે ! રોજગારીનો અભાવ.....
ધન હોય તો મળે રોજગારી
પણ ધન હોય તો શીદને મળે રોજગારી
વધી ગયો રે ભાઈ રોજગારીનો અભાવ.

- પટેલ ધરા ડી. એફ.વાય.બી.એ.

**છોકરાં ખરાબ હોય એમાં પહેલાં વાંક માં-બાપનો, બીજો શિક્ષકનો, ત્રીજો પરીક્ષકનો છે.**

## સુકાયેલાં તરુનો તલસાટ

દઈ દીધો દગો મને પાનખરે,
હવે તો વીસરી જવાની વસંતને,
નવ પલ્લવિત થવાની આશ રહી અધૂરી,
ક્યારેક તો વસંત આવશે પાસ,
દઈ દીધો છેહ મને કલરવ કરતાં પંખીઓએ
માળી એ પણ માયા મૂકી,
સ્નેહની છાયા પણ છૂટી.
ખુદને જોઈ પડછાયામાં થઈ જાઉં ખામોશ
ચોમાસે ચોપાસ પ્રસરી લીલોત્તરી.
પણ મારે તળ તો સૂકોતરી
શાખાઓએ પણ છોડયાં સ્નેહનાં સંબંધ
સમીરનાં સુસવાટે સઘળી શાખાઓ કહી ગઈ અલવિદા.
થઈ ગઈ છુ બહુ અનાવરણ
પાનખરે ખેચ્યાં છે ચીર મારા
તરુઓની સભા છે લાચાર
ઊભી છું સભામાં નિરાધાર
હવે તો માધવને સહારે બેઠી છું
વ્હાલાં વાસુદેવ વ્હારે આવશે
મળે તો માધવને મોકલજો બચાવી લે મારો જીવ
રાહ જોઈ રહી છે કરવત કાપવાને મુને
દઈ સીધો દગો મને પાનખરે
હવે તો વીસરી જવાની વસંતને

- મકવાણા વિનુભાઈ બી.-એમ.એ-પાર્ટ-૨

## તૂજ વિના સૂનો સંસાર

હે પ્રિયે !
મુજ સંસાર વિના તૂજ સૂનો
દિપ પ્રજવલે ફેંકે તેજ એનો.
અંધકાર સમું આ વિશ્વ,
ને ફેલાવજે તૂજ રોશની,
દૂર હો કરજે પ્રકાશમાં,
અંધારે નવ રહેજે તૂજ વિશ્વમાં,
પ્રેમ કરીએ તો નિભાવજે સદા,
ન ક્યારેક કોઈનું દિલ દુભાવીએ હંમેશા,
હે સખી,
આલિંગન દે મુજને
છોડ દુનિયાની માયાવી દાનત,
મુજ કાયા મહી પ્રજવલે અગ્નિ.
બુઝાવી દે તૂજ મ્હાંરી આગ.
હે સખી,
તૂજ વિના અમ સંસાર સૂનો,
પ્રકાશ વિના અંધેર સૂનો,
તુલસી વિના અંકર (મૂળ) સૂનો
છોડ વિના મૂળ નકામો

- પટેલ તુલસી પી. એસ.વાય.બી.એ.

## ભારત ગુલામ કેવી રીતે બન્યું ?

(અંક-૧ નં ક્રમશઃ આગળ...)

સોળમી સદીમાં ભારતમાં થતા મરી મસાલા પર ડચ સોદાગરોનો ઈજારો હતો. ભારતમાંથી આયાત ઊંચા ભાવે વેચાણ કરતાં હતાં અને અઢળક નફો રળતાં હતાં. એક વખત ડચ સોદાગરો એ ઈંગ્લેન્ડને વેચાતાં મરી મસાલામાં પાંચ શિલિંગનો વધારો કર્યો ત્યારે અંગ્રેજ વેપારી આલમનાં મુખ્ય ચોવીસ આયાતકારો ડચ સોદાગરની મોનોપોલિ તોડવા માટે મેદાને પડ્યાં. ઈંગ્લેન્ડના પાટનગર લંડનમાં તેમણે મિટિંગ યોજી મિટિંગમાં નક્કી થયું કે ડચ સોદાગરોને ખટાવવાનું બંધ કરવું. અને ભારતમાં પડાવ નાખીને બ્રિટનની જરૂરિયાત પૂરતો મરીનો વેપાર હસ્તગત કરી લેવો. આ માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું ૭૨,૦૦૦ પાઉન્ડની મૂડી સાથે સર્જન થયું. ઈંગ્લેન્ડમાં લેવાયેલો એ મામૂલી નિર્ણય વખત જતાં ભારત માટે નિર્ણાયક સાબિત થવાનો હતો.

ભારતમાં ફક્ત વેપારના આશયે આવેલા અંગ્રેજોની નિયત શરૂઆતના તબક્કે ઘણી ચોખ્ખી રહી હતી. ખુદ બ્રિટિશ રાજે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ભારતમાં શાંતિમય રીતે વેપાર કરવાની મંજૂરી આપી હતી. ભારતમાં વસતા ફ્રેન્ચો અને ખાસ તો ભારતીયો સામે ન લડવાનું સ્પષ્ટ ફરમાન આપ્યું. આ ફરમાનનો પહેલી વાર અનાદર ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રોબર્ટ કલાઈવે કર્યો. ભારતમાં થતાં મરી-મસાલાના વેપાર પર તેને સંપૂર્ણ હક્ક જમાવી રાતોરાત અમીર બની જવું હતું. આ માટે તેણે ભારત ગુલામ બનાવાનું નક્કી કર્યું. બ્રિટિશ હકૂમતને અંધારામાં રાખીને જૂન ૨૩-૧૭૫૭ ના રોજ પ્લાશીના યુધ્ધ મેદાનમાં તેણે સિરાજ-ઉદ્-દૌલાને હરાવ્યો.

પ્લાસીના યુધ્ધ પછી ભારતનું ભવિષ્ય જાણે રોબર્ટ કલાઈવના હાથે લખાવાનું હતું. એ જુલમખોર અંગ્રેજ ભારતને ૧૯૦ વર્ષ લાંબી ગુલામી તરફ ધકેલી દેવામાં નિમિત બનવાનો હતો. વર્ષો પહેલા ડચ સોદાગરોએ મરીનો ભાવ પાંચ શિલિંગ ન વધાર્યો હોય તો ભારતનો ઈતિહાસ કદાચ જુદા સ્વરૂપે લખાત. અલબત, ભારતનો ઈતિહાસ મોહનદાસ કરમચંદ ગાંદી વિના ળકાય એ કદાચ વિધાતાને મંજૂર ન હતું.

બેરિસ્ટર મોહનદાસ નામનો શખ્સ ગાંધી, ગાંધીજી, મહાત્મા ગાંધી અને છેવટે રાષ્ટ્રપિતા (બાપુ) તરીકે અહિંસા નામનું તદ્દન નવું શસ્ત્ર વાપરીને ભારતમાંથી અંગ્રેજ હકૂમતનાં બોરિયાં બિસ્તરા સંકલેવામાં નિમિત બનવાનો હતો.

ગાંધીજીએ અખત્યાર કરેલા અહિંસા નામનું નવા હથિયારે તેનો મહત્તમ પરચો એપ્રિલ ૧૩, ૧૯૧૯ ના રોજ અમૃતસર જલિયાવાલા બાગમાં દેખાડયો. જનરલ ડાયરે ત્યાં અનેક ભારતીય સ્ત્રી-પુરુષોને હણી નાખ્યાં કે તરત ગાંધીજીની અહિંસક ચળવળ જગજાહેર બની. બ્રિટિશ સામ્રાજ્યના પતનનો તે દિવસે આરંભ થયો. ગાંધીજીએ શરૂ કરેલી અહિંસક લડત અને અસહકારનું આંદોલન છેવટે વિશ્વ સ્તેર ચર્ચાના મુદ્દા બન્યાં. નિહથ્થા ભારતીયો પર દમન ગુજારતા અંગ્રજોના દુષ્કૃત્યો પહેલી વાર દુનિયાભરના લોકોને જાણવા મળ્યા. પોતાના માન-મોભા અને શિસ્ત માટે પંકાયેલી બ્રિટિશ હકૂમતને જગતભરના દેશોની શરમ નડી અહિંસાનો માર્ગ અપનાવી ગાંધીજીએ અંગ્રેજોને વાસ્તવમાં મૂંગો માર દીધો હતો. આખરે ઓગષ્ટ ૧૫, ૧૯૪૭ ના રોજ ભારતમાંથી બ્રિટિશ હકૂમતનો ધ્વજ સંકેલાયો. આશેર ૧૯૦ વર્ષ સુધી અંગ્રેજો સામે ઝઝૂમતા ભારતની ગુલામીનો પણ એ સાથે અંત આવ્યો.

આપણે લોકોએ અંગ્રેજોનો આપણાં પ્રત્યેનો તિરસ્કાર કેવો હતો તે જાણવું હોય તો બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલના શબ્દો જ પૂરતા છે.

'' I hate Indians because they are a beastly people with beastly religion '' એટલે કે '' હું ભારતીયોને ધિક્કારું છું કારણ કે તેઓ જંગલી જનાવર જેવા છે. અને તેમનો ધર્મ પણ જંગલીયાતભર્યો છે. '' આ જ દુષ્ટના કારણે બીજા વિશ્વયુદધમાં ૨૦ લાખ ભારતીયો મોતને ઘાટ ઉતરી ગયા હતાં. અને આ કેવું ફોગટનું બદિલાન હતું.

**- હાર્દિક બી. પટેલ (ટી.વાય.બી.એસ.સી.)**

**' બાળક એ આવતી કાલની આશા અને રાષ્ટ્રનું અણમોલ ધન છે એના શિક્ષણ અને સંસ્કાર માટે જેટલું કરીએ તેટલું ઓછું જ ગણાય અને એ અંગે જે કંઈ કરીએ તે ઉગ્યા સિવાય રહેજ નહીં. '**

**- કા. પટેલ મયુરી જે. (એફ.વાય.બી.એ.)**

## ભારતમાં શહેરી કુટુંબમાં આવેલા પરિવર્તનો

પરંપરાગત ભારતીય કુટુંબ સંયુક્ત કુટુંબ હતું. બ્રિટિશ રાજયકાળ દરમિયાન શહેરીકરણ, શિક્ષણ વગેરે વિવિધ પરિબળોની અસરને લીધે સંયુક્ત કુંટુંબમાં આધુનિક કદ, સ્વરૂપ, પતિ-પત્ની વચ્ચેના સંબંધો, માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો વગેરે સંયુક્ત કુંટુંબના વિવિધ પાસાઓમાં ફેરફારો થયા. આ ફેરફારોને સંયુકત કુંટુંબના પરિવર્તન તરીકે ઓળખી શકાય.

બ્રિટીશ રાજયકાળ દરમિયાન સંયુકત કુટુંબપ્રથામાં પરિવર્તનની જે પ્રક્રિયા વિકસી તે સ્વતંત્ર ભારતમાં વધુ ઝડપી બની છે. ઉદ્યોગીકરણ, શહેરીકરણ, શિક્ષણ, સંચાર-સાધનો, કાનૂનીકરણ, પશ્ચિમીકરણ, આધુનિકરણ વગેરે પરિબળો અને પ્રક્રિયાઓનું સાતત્ય સ્વતંત્ર ભારતમાં ટકી રહ્યું છે. ભારતમાં સયંકુત કુટુંબનું કદ, કુટુંબના સભ્યો વચ્ચેના આંતર સંબંધોની ઢબ વગેરેમાં પરિવર્તનો આવવા લાગ્યા છે.

**૧) સંયુક્ત કુટુંબનું કદનાનું બનતું જાય છે.**

રૂઢિગત સંયુક્ત કુટુંબ ત્રણ-ચાર કે તેથી વધુ પેઢીઓના રકતસંબંધીઓનું બનેલું હતું. આધુનિક સમયમાં આવા મોટા કદનાં અને સર્વોચ્ચ માત્રાની સંયુક્તતાં ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ઘટતું જાય છે. આર્થિક પરિસ્થિતિ અને ઝઘડાઓએ કુટુંબના કદ ઉપર હંમેશા અસર નિપજાવી છે. ઉચ્ચ શિક્ષણ માટેની તકો, ઉચ્ચ મહત્વાકાંક્ષા, વધતી જતી વ્યવસાયિક ગતિશીલતા, ઉચ્ચ જીવનધોરણ માટેની ઈચ્છા, વધુ વૈયક્તિતા અને વધુ સ્વાતંત્ર્ય જેવા પરિબળો નાના કુટુંબના વસવાટને ઉત્તેજન આપે છે.

**૨) સંયુક્ત કુટુંબના સભ્યો વચ્ચેના આતર સંબંધોમાં પરિવર્તનઃ**

રૂઢિગત સંયુક્ત કુટુંબોમાં સભ્યો વચ્ચે લિંગ અને વયના પાયા ઉપર સત્તાની અસમાન વહેંચણી થયેલી હતી અને તેમની વચ્ચેના સંબંધો સત્તા અને તાબેદારી ઉપર રચાયેલા હતા.

**- પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તનઃ**

ડૉ. શ્રી વાસ્તવ અને શર્માના અભ્યાસમાં જણાયું છે કે પતિ વધુ સહાનુભૂતિપૂર્ણ અને સહિષ્ણુતાભર્યું વલણ દાખવતો થયો છે. હવે સ્ત્રી ઘરની ચાર દીવાલોમાં જ પુરાઈ નહી રહેતા સ્વતંત્રાથી ઘરવ્યવહાર હરીફરી શકે છે. મેન્ડલબોમ જણાવે છે કે ' પરદાપ્રથા હવે જવા માંડી છે. સામાન્ય રીતે ઘરનો પુરુષ જ સ્ત્રીઓને પરદામાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરે છે. ' 'પતિ જ સ્ત્રીના જીવનનું સર્વસ્વ છે. તે જ તેનો પરમાત્મા છે. તેની સેવા એ જ દેવસેવા છે.'

**- મા-બાપ અને સંતાનો વચ્ચેના સંબંધોમાં પરિવર્તનઃ-**

કુંટુંબમાં પુરુષ અને સ્ત્રી સભ્યોની ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે. જે પુરુષો પોતે કમાય છે. તેઓ પહેલાંની તુલનામાં માતા-પિતાના આધિપત્ય અને સત્તામાંથી મુક્ત થઈ જાય છે.

**- વંદના આઈ. શાહ - ટી.વાય.બી.એ.**

## જીવન : એક ખેલ

મોટા ભાગના લોકો જીવનને એક સંગ્રામ ગણે છે, પણ એ કાંઈ સંગ્રામ નથી, એ તો એક ખેલ છે.

પણ એ એવો ખેલ છે, જે અધ્યાત્મના નિયમોનું જ્ઞાન ન હોય તો, સફળ પણે રમી શકાય નહીં. ઈસુ ખ્રિસ્તના ઉપદેશ પ્રમાણે એ આપવા અને લેવાની મહાન રમત છે.

માણસ જે વાવે છે તે જ લણે છે. એનો અર્થ એ કે માણસ તેના શબ્દો કે કાર્યો દ્વારા જ બહાર વહાવે છે તે જ તેના ભણી પાછું વળે છે. જે તે આપે છે, તે જ તે પામે છે.

તે ધિક્કાર વહાવે તો ધિક્કાર પામે છે, તે પ્રેમ વહાવે તો પ્રેમ પામે છે, તે ટીકા વહાવે તો ટીકા પામે છે; તે જૂઠ્ઠું બોલે તો બીજાઓ તેની સાથે જૂઠ્ઠું બોલે છે; તે બીજાને છેતરશે તો બીજાઓ પણ તેને છેતરશે.

મન એ મનુષ્યનો વફાદાર સેવક છે; પણ માણસે તેને સાચા આદેશ આપવા જોઈએ. એટલે અર્ધજાગ્રત મનની બધી જૂની નકામી છાપો ભૂંસી નાખી નવી સુંદર છાપો તેના પર અંકિત કરવી જોઈએ.

મનુષ્યને તે જે મળે છે, જે પોતે મેળવતો હોવાનું મનમાં નિહાળે છે. દરેક મહાન સિદ્ધિ તેની કલ્પનાને મનમાં દૃઢીભૂત કરવાથી જ સાકાર બને છે અને ઘણીવાર મોટી સિદ્ધિ મળતાં પહેલાં નિષ્ફળતા અને હતાશા ઘેરી વળે એવું પણ બને છે. પણ જેઓ આધ્યાત્મિક નિયમ જાણે છે તે એ

કેટલીતી નિષ્ફળતાથી વિચલિત થતા નથી. તેઓ તો સિદ્ધિ મળી જ ગઈ હોય એમ આનંદ મનાવે છે અને પરમાત્માનો આભાર માને છે. ઘણીવાર માણસને બદલે તેનો મિત્ર આવી દ્રઢતા દર્શાવી શકે તો પણ કામ થાય છે. માણસને પોતાની નિષ્ફળતા જોઈ શકાય છે. અને શંકાશીલ બનતો નથી. એક માણસ બીજા માણસ માટે આ કરી શકે છે; આથી માણસનું પોતાનું મન ડામોડોળ થતું હોય ત્યારે બીજાની સહાય માગતાં તેણે કદી અચકાવું જોઈએ નહિ. જીવન-પ્રક્રિયાના એક નિરીક્ષકે તો એટલે સુધી કહેલું કે દુનિયામાં એક પણ માણસ જો તમને સફળરૂપે જોતો હોય તો તમે કદી નિષ્ફળ નહિ થાવ. આથી જ ઘણા મહાન માણસોની સફળતા તેમની પત્ની કે તેમના મિત્ર કે કોઈ સ્વજને તેમનામાં મૂકેલી શ્રદ્ધાને આભારી હોય છે.

મનુષ્યના મનમાં અનંત સામર્થ્ય રહેલું છે, પણ મોટા ભાગના મનુષ્યોને તેની જાણ નથી હોતી. ***'તમારો ખજાનો તમારા પગ તળે છે.'*** - એમ કહેવાય છે, પણ એ ખજાનો છુપાયેલો છે. અને પ્રગટ કરવાના, એ ખજાનાથી સમુદ્ધ થવાના અનેક કીમિયા છે. લેખિકાએ અહીં એક એવો કીમિયો દર્શાવ્યો છે, જેનાથી માણસ પોતાની જ ગુપ્ત શક્તિઓને પ્રગટપણે પામી શકે.

મનુષ્યનું આંતરમન એક અદ્ભુત વસ્તુ છે. તે અનેક સંસ્કારો ઝીલે છે, અનેક ઈચ્છાઓ કરે છે, અનેક સંકલ્પો ઘડે છે. આંતરમન જે કાંઈ ઘડતર કરે તે મોડે કે વ્હેલે બાહ્ય આકારા ધારણ કર્યા વિના રહેતું જ નથી - એવો નિયમ છે.

**- પટેલ મલ્લિકા જે - એસ.વાય.બી.એ.**

## આયોજન-(પ્લાનિંગ)

તમને હું પ્રશ્ન પૂછું કે પ્લાનિંગ કયું મન કરે છે, તો મને ખાતરી છે કે તમે કહેશો કે પ્લાનિંગ તો જાગૃત મન જ કરે ને, એમાં શું પૂછવાનું હોય ? ૧૦૦ માંથી ૯૯ લોકો આ જ જવાબ આપશે, અર્ધજાગૃત મન વિશે જાણ્યા પહેલા મારો પણ એ જ મત હતો કે પ્લાનિંગ જાગૃત મન જ કરે અને મેં પણ જીવનમાં બધું જ પ્લાનિંગ જાગૃત મન દ્વારા જ કરેલું. એમાંથી અમુક પ્લાનિંગમાં સફળતા મળી અને અમુકમાં ના મળી. જ્યારે જ્યારે નિષ્ફળતા મળી ત્યારે મને પેલી કહેવત યાદ આવી.. ''Man Proposes and God disposes'' એટલે કે ''માણસ ધારે છે કાંઈ અને ભગવાન કરે છે કાંઈ'', આ કહેવત યાદ આવતાં જ મનમાં એક પ્રશ્ન ઊભો થતો કે માણસ ધારે એનાથી વિરુદ્ધ પ્રભુ કેમ કરે છે ? ભગવાનને આપણું આયોજન નિષ્ફળ બનાવવામાં શું ઈરાદો હોય ? આ પ્રશ્નનું સમાધાન ત્યારે થયું કે જ્યારે મને ખબર પડી કે જે કદી નિષ્ફળ ના જાય એવા પ્લાનિંગની આવડત અને શક્તિ તો ભગવાને અર્ધજાગૃત મનને જ આપી છે. તથા પ્લાનિંગ મુજબ વાતાવરણ સર્જવાનું કામ પણ અર્ધજાગૃત મન પાસે જ છે. એટલે કે જાગૃત મન દ્વારા થયેલું પ્લાનિંગ અર્ધજાગૃત મનને મંજૂર ના હોય તો અર્ધજાગૃત મન તેને અનુરૂપ વાતાવરણ સર્જતું નથી, તેથી તે કાર્યમાં નિષ્ફળતા મળે છે. આટલું જાણ્યા છતાં પણ મારા મનમાં હજુ પણ એમ થતું કે આવું હકીકતમાં બનતું હશે ? પણ મેં એક એવો ચમત્કારિક બનાવ જોયો કે જેનાથી મારી માન્યતા દ્રઢ થઈ કે જો પ્લાનિંગ અર્ધજાગૃત મન દ્વારા થયું હોય તો તેમાં જરૂર સફળતા મળે.

જ્યારે જીવનમાં નિષ્ફળતા મળે ત્યારે, હતાશ થવાને બદલે શાંત થઈને પૃથક્કરણ કરવું કે આમાં મારા અર્ધજાગૃત મનનો કાંઈક વધુ સારો અને જુદો જ પ્લાન હશે. એટલે જ મને હમણાં સફળતા ના મળી. હવે પછી તમારા જીવનમાં અતિ અગત્યના ધ્યેયનું પ્લાનિંગ કરવાનું તમે અર્ધજાગૃત મનને જ સોંપજો. જેથી યોગ્ય પ્લાનિંગ દ્વારા અચૂક સફળતા મળશે.

**- પટેલ પ્રિયંકા પી. - એસ.વાય.બી.એ.**

## નર્મદા યોજના

**સરદાર સરોવર યોજનાની રૂપરેખા:-**

- બંધની ઉંચાઈ:-
- જળાશયની સંગ્રહશક્તિ:-
- જળાશયની પુર્ણસપાટીએ ડુબાણ:-
- અસર પામનાર ગામડા : કુટુંબો

| | | |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૧૯૩ | ૨૩૧૮૦ |
| મહારાષ્ટ્ર | ૦૩૬ | ૦૨૪૬૨ |
| ગુજરાત | ૦૧૯ | ૦૪૫૦૦ |
| કુલ | ૨૪૮ | ૩૦૧૪૨ |

**નર્મદા યોજનાની આજ-કાલ:-**

૧૯૬૧ - જવાહરલાલ નહેરુના હસ્તે ઉદ્ઘાટન.

૧૯૬૩ - ગુજરાત અને મધ્યપ્રદેશ સરકાર વચ્ચે ભોપાલ કરાર.

૧૯૬૪ - ખોસલા સમિતિની રચના.

૧૯૭૮ - બંધને ટ્રીબ્યુનલની મંજુરી મળ્યા બાદ વર્લ્ડ બેંક પાસેથી લોન લેવા માટેની કાર્યવાહી શરૂઆત.

૧૯૮૦ - બંધ માટે પ્રાથમિક ખર્ચનો અંદાજ રૂા. ૩૩૩૩ કરોડ નો મુકાયો.

૧૯૮૫ - વર્લ્ડ બેંકે સરદાર સરોવર યોજના માટે ૪૫ કરોડ ડોલરની લોન મંજુર કરી.

૧૯૮૬ - નર્મદા બચાઓ આંદોલન શરૂ થતા ૪૦ વર્ષથી શરૂ કરાયેલ નર્મદાબંધની કામગીરી અનિશ્ચિત સમય સુધી ખોરંભે પડી.

૧૯૮૭ - કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય તરફથી લીલી ઝંડી મળતા આ પ્રોજેકટ શરૂ કરાયો.

૧૯૮૯ - બંધ વિરોધી ઝુંબેશે વેગ પકડયો. સેંકડો લોકો વિરોધ કરવા ઉમટયા. જેથી કેન્દ્ર અને રાજ્ય સરકારની મુશ્કેલીઓ વધી.

૧૯૯૦ - જાપાન સરકારે આયોજનના માટે મંજુર કરેલ ૨૭ અબજ યેનની લોન પાછી ખેંચી લેતા નાંણાકીય સમસ્યા સર્જાઈ.

૧૯૯૫ - સર્વોચ્ચ અદાલતે બંધનું કામ અટકાવ્યું ત્યારે બંધની ઉંચાઈ ૮૦ મીટર હતી તથા અનિશ્ચિત સમય માટે કામ અટકાવી દેવાયું હતું.

૨૦૦૦ - સર્વોચ્ચ અદાલતે નર્મદા બંધને લીલી ઝંડી આપી અને નર્મદા વિરોધીઓના હાથ હેઠા પડ્યા.

૨૦૦૧ - રાજ્ય સરકાર દ્વારા નર્મદા વિસ્થાપિતો ને થાળે પાડવા ના પ્રયત્નો ઝડપી બન્યા. જેથી બંધની ઉંચાઈ ઝડપથી વધારી શકાય.

૨૦૦૩ - વધુ ૧૦ મીટરની ઉંચાઈ વધારવાની મંજુરી મળતા ડેમની ઉંચાઈ ૧૧૦ મીટર કરવામાં આવી તથા ૧૪ કુટુંબોના પુર્નવસનનો ૪૦૦ કરોડનો બોજો સરકાર ઉપર પડયો.

૨૦૦૬ - ૮ મી માર્ચે વધુ ૧૦ મીટરની ઉંચાઈ વધારવાની મંજુરી મળતા તેજ દિવસથી બાંધકામનો પ્રારંભ કરાયો.

**-જોષી રવિ જે. - ટી.વાય.બી.એ.**

☆ ☆ ☆

# આપત્તિ જોખમ વ્યવસ્થાપન આગ
# ઘરમાં સુરક્ષા માટે શું કરવું અને શું ના કરવું તેના માટેના વિવિધ પગલાં માર્ગદર્શન

ગૃહ મંત્રાલય, ભારત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સેવા મંડળ, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ.

| ક્યારેય નહીં. | હંમેશા |
|---|---|
| ૧) પથારીમાં ધુમ્રપાન ક્યારેય ન કરવું. તે ઘણું જ જોખમી છે. | ૧) ધુમ્રપાન કરતી વખતે એશટ્રેનો હંમેશા ઉપયોગ કરો. |
| ૨) પોર્ટેબલ હિટરને અને કપડાને એકબીજાની નજીક ક્યારેય ન રાખો. તે ઘણું જ જોખમી છે. | ૨) હંમેશા પોર્ટેબલ હિટર અને કપડા વચ્ચે સલામત અંતર રાખો. |
| ૩) સોકેટને ખુલ્લો વાયર ક્યારેય ન ભરાવો. | ૩) હંમેશા અકસ્માત નિવારવા માટે યોગ્ય પ્લગનો ઉપયોગ કરો. |
| ૪) બાળકોને એકલા ફટાકડા ક્યારેય ના ફોડવા દેશો. | ૪) હંમેશા વડીલોની હાજરીમાં જ ફટાકડા ફોડો. |
| ૫) સળગી ઉઠે તેવા પદાર્થો આગની નજીક ક્યારેય ન રાખશો. તે ઘણું જ જોખમી છે. | ૫) હંમેશા ખુલ્લી આગથી સલામત અંતરે રાખો. |
| ૬) પૂજાપાઠનું સ્થાન કપડાની નજીક ક્યારેય ન રાખશો કપડાને તેનાથી આગ લાગી શકે છે. | ૬) પુજાપાઠનું સ્થાન હંમેશા યોગ્ય રીતે રાખો. |
| ૭) આગની ચેતવણી સાંભળ્યા પછી ક્યારેય બેઠા ન રહો. આળસ ન કરો. | ૭) હંમેશા આગની ચેતવણીને તરત જ ધ્યાનમાં રાખો. |
| ૮) વીજળીના વાયર પર ક્યારેય પાણી ન ફેંકો. | ૮) મુખ્ય વિજળી પુરવઠો બંધ કરો અને અગ્નીશામક ઉપકરણનો ઉપયોગ કરો. |
| ૯) વીજળીના ઉપકરણોને બાળકોની આસપાસ ક્યારેય છૂટા ન રાખો. | ૯) હંમેશા યોગ્ય અને સોકેટ યોગ્ય સ્થાનનો ઉપયોગ કરો. |
| ૧૦) સળગતા ચૂલા ઉપરથી વાસણ ઉતારવા માટે કપડાનો ઉપયોગ ન કરો. | ૧૦) હંમેશ તમારી સલામતી માટે વાસણો ઉચકવા માટે હંમેશા ઈન્સ્યુલેટેડ સાણસીનો ઉપયોગ કરો. |
| ૧૧) સળગતી દિવાસળી ક્યારેય ન ફેંકો. તે ઘણું જ જોખમી છે. | ૧૧) દિવાસળીને હંમેશા બુઝાવીને જ કચરા ટોપલીમાં ફેકો. ગેસ લાઈટર નો ઉપયોગ કરો. |
| ૧૨) સ્ટવ સળગતો હોય અને ગરમ હોય ત્યારે તેમાં ક્યારેય ઈંધણ ન ભરો. (કેરોસીન) | ૧૨) સ્ટવમાં ઇંધણ ભરવા માટે સ્ટવને બંધ કરી પછી ભરો. |
| ૧૩) જ્યારે ઓરડામાં હિલચાલ કરો ત્યારે દિવાલ નજીક વધુને વધુ રહેવાનો પ્રયાસ કરો. | |
| ૧૪) ધીરેથી બારણું ખોલો. થોડાક ઝૂકીને ઊભા રહો. તેથી ગરમ પવન અને ધૂમાડો તમારા માથા પરથી ચાલી જશે. | |
| ૧૫) અન્ય કામમાં ધ્યાન આપતી વખતે કપડાંને ક્યારેય ઈસ્ત્રી ન કરો. | ૧૫) હંમેશા અન્ય કામમાં ધ્યાન આપતી વખતે ઈસ્ત્રીની સ્વીચ હંમેશા બંધ કરો. |

**આગના પ્રસંગે....... ૧૦૧ ડાયલ કરો અથવા નજીકના અગ્નિશામક મથકનો સંપર્ક કરો.**

- સોલંકી સુરેશ બી. એમ.એ.પાર્ટ-૧

---

**✽ માનવી જ્યારે માનવ મટી દાનવ બને છે. ત્યારે તે ધર્મના બદલે ધનનું, સત્યને બદલે સંપત્તિનું, વૈરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન તથા સ્વાગત કરે છે.**

**✽ માનવી પંખીની જેમ હવામાં ઊડતાં અને માછલીની જેમ પાણીમાં તરત શીખ્યો છે, હવે તેણે " માણસ " ની જેમ પૃથ્વી પર જીવતા શીખવાનું છે.**

**✽ વિશ્વ આશ્ચર્યજનક વસ્તુઓથી ભરેલું છે પણ મનુષ્યથી મોટું આશ્ચર્ય બીજું કોઈ નથી.**

- કા.પટેલ મયુરી જે. (એફ.વાય.બી.એ.)

---

# ડાયનોસોરનું જીવન
## ( The Life of Dynsor )

☆ ઉત્ક્રાંતિ દરમિયાન અંદાજે ૨૨.૮ કરોડ વર્ષ અગાઉ સરીસૃપો/Reptiles તરીકે ઉદ્ભવ્યા પછી ધરતી પર લગભગ ૧૬.૩ કરોડ વર્ષ સુધી વિહરતાં રહેલા ડાયનોસોર બધુ મળીને ૭૦૦ થી ૮૦૦ જાતનાં હતા. એકંદરે જોતા તેમની વચ્ચે આકારનું થોડું ઘણું સામ્ય ખરૂ. પણ કદનું નહિ. માંસાહારી કરતાં વનસ્પતિહારી ડાયનોસોર વધુ કદાવર હતા.

☆ સૌથી વધુ રાક્ષસી ડાયનોસોર સોરપોડ/Souropod કુળના હતા. જેમનું વજન લગભગ ૧૦૦ ટન હતું. લંબાઈ ૪૦ મીટર (૧૩૧ ફીટ) હતી. ઉપર તેના વિરાટ કદનો હતો. સૌથી નાના ડાયનોસોર મરઘી જેવડાં હતા. (શાસ્ત્રીય નામ:ampsognathus)

☆ જર્મીનીમાં અને ફ્રાન્સમાં મળી આવેલા તેમના હાડપિંજરો બતાવે છે કે સરેરાશ કેમ્ટસોગ્નેથમનું વજન ૩ કીલો થી વધારે ન હતું લંબાઈ ફક્ત ૬૦ સે.મી હતી.

☆ વિરાટ અનેક વામન ડાયનોસોર બીજા પણ અનેક હતા. પણ ૬.૫ કરોડ વર્ષ પહેલા જ્યારે એકા-એક કુદરતી આફત ત્રાટકી ત્યારે કોઈનું મહત્ત્વ ન રહ્યું

☆ કુદરતે સૌને માટે સરખો ન્યાય તોળ્યો. સંભવતઃ અવકાશી લઘુગ્રહનાં પ્રહારે અબજો ટન રજકણોનાં ૧, કાર્બનકણોના વાદળો આકાશમાં ચડાવ્યા પછી સૂર્યપ્રકાશ અવરોધતો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા અટકી પડી અને વનસ્પતિના અભાવે સૌ પ્રથમ વનસ્પતિહારી અને ત્યારબાદ માંસાહારી ડાયનોસોર માર્યા ગયા. સૂર્યપ્રકાશની ગેરહાજરીમાં વાતાવરણનું તાપમાન સારૂ એવું ઘટી જવા પામ્યું. અને તે કદાચ ડાયનોસોરના મોતનું વધુ મોટું કારણ હતું.

☆ આ સરીસૃપો ઠંડા લોહીવાળા હતા. બોડી ટેમ્પેચરનું નિયમન કરતી થર્મોસ્ટેટ વ્યવસ્થા તેમના શરીરમાં હતી. એટલે શીત હવામાન તેમના માટે જીવલેણ બન્યું.

☆ એ દરમિયાન તે સમયે (૬.૫ કરોડ વર્ષ પહેલાં ધરતી પર સર્વપ્રથમ પક્ષીઓ અને સ્તન્યવંશી જીવો પ્રગટી ચૂક્યાં હતાં. જેઓ warm-blaodecl ગરમ લોહીના હતા. પીછાં તથા રૂવાંટી વડે તેમની ઠંડી સાથે રક્ષણ મળી રહ્યું અને હવામાન ફરી નોર્મલ થયું ત્યાં સુધીનો વખત તેમણે ઠળિયાંબીયાં અને જીવડાં આરોગી તે ખેંચી કાઢયો.

- ધર્મેશ.પી.પટેલ (એફ.વાય.બી.એસ.સી.)

☆ ☆ ☆

# Information Tecnalogy

**નવો મોબાઈલ ફોન ખરીદે છો ? તો પહેલા આટલું જાણો.....**

આ દિવાળી નિમિત્તે ઓલ્ડ ફેશન ફોનને તિલાંજલિ આપી નવો ફોર્મ વસાવવાનું બજેટ ફાળવી રાખ્યું હોય, એકાદ-બે હેન્ડસેટ જોઈ રાખ્યા હોય અને તે પૈકી કયો વસાવવો તેની દ્વિધા હોય તો ખરીદી પહેલા એક નજર આ તરફ પ્રસ્તુત છે મોબાઈલ ફોનનાં ભદ્રંભદ્રી જણાતા કેટલાંક શબ્દોનો સામાન સમજાવતું લીસ્ટ:

**ટોક-ટાઇમ : (talk-time)**
ફોનની બેટરી એક વખત સંપૂર્ણ ચાર્જ કર્યા બાદ આગામી ચાર્જીંગ સુધી ફોનને જેટલી મિનિટ વાપરી શકાય તેને ટોક-ટાઇમ કહે છે. મોબાઈલ ફોનની બેટરી સામાન્ય રીતે ૮૦ મિનિટથી શરૂ કરીને ૭૮૦ મિનિટ સુધીનો ટોક-ટાઇમ આપી શકે છે. ટોક-ટાઇમ જેટલો વધુ બેટરીનું ચાર્જીંગ એટલું ઓછું અને માટે બેટરીનું આયુષ્ય વધુ. ટુંક સાર ટોકટાઇમ વધુ આપે તેવો મોબાઈલ ફોન લેવો જોઈએ.

**બેટરી : (Betary)**
ભારતમાં ઉપલબ્ધ ઘણા-ખરા હેન્ડ સેટ મુખ્ય તો ત્રણ પ્રકારની બેટરી ધરાવે છે. નિકલ-કેડમીયમ/Nicd, બિથિયમ-આયન/Li-Io એન્ડ નિકલ-મેટલ હાઈડ્રેડ/Nimh, નિકલ-કેડમીરમ બેટરી તેની લોન્ગ લાઈફ માટે જાણીતી છે. પરંતુ તેનું એક ઉધાર પાસુ એ છે કે વજનમાં સહેજ ભારે હોવાથી સરવાળે મોબાઈલનું વજન વધારી-મૂકે છે. Li-Io બેટરીની વાત કરીએ તો તે કદમાં નાની હોવા ઉપરાંત કાર્ય-ક્ષમતામાં ચડીયાતી છે. મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી હોય ત્યારે ડિસ્ચાર્જ થતી નથી. બીજો અને બહુ મહત્ત્વનો ફાયદો એ છે કે Li-Io બેટરીને વારંવાર ચાર્જ કરતા રહો તો પણ તેની આવરદામાં ખાસ કસો ઘટાડો થતો નતી. બીજી તરફ પ્રકારની બેટરી ઉપર્યુક્ત બન્ને લાભ આપતી નથી.

**ડ્યુઅલ-બેન્ડ (Dual-Band)**
એક દેશમાંથી બીજા દેશમાં પ્રવેશ કરો ત્યારે ત્યાંનાં મોબાઈલ સિગ્નલો ગીલવા માટે ફોનમાં ડ્યુઅલ-બેન્ડનું ફીચર હોવું અનિવાર્ય છે. પરદેશ યાત્રા કરવાનો ખાસ મોકો ન આવતો હોય નો ડ્યુઅલ-બેન્ડનો ખાસડશો મતબળ રહેતો નથી.

**EFR (Enhanced full Rafe Speech)**
ફોન પર વાર્તાલાપ કરતા હો ત્યારે બેકગ્રાઉન્ડના શોરબકોરને ચાળી તાળી સામે છેડે સ્પષ્ટ અવાજ પહોંચાડતી સુવિધા.

**GPRS (General Packet Radio Service)**
આ ફીચર થકી માત્ર મોબાઈલ ફોનમાં જ નહીં ફોનને લેપટોપ સાથે જોડયા પછી લેપટોપમાં પણ ઈન્ટરનેટની વિવિધ વેબસાઈટ જોઈ શકાય છે. ઈ-મેઈલ સંદેશા પણ ખરા ઈન્ટનેટ/ઈ-મેલ નો ઉપયોગ હરતા ફરતાં કરવો હોય તો GPRS વાળો ફોન વસાવવો રહ્યો.

**MMS (Naltimedia Messaging Service)**
ગીત-સંગીત, વિડીયો-કલીપ્સ, ફોટોગ્રાફ્સ અને મૌખીક, સંદેશા એસ.એમ.એસ. ની માફક મોકલી શકાય એ માટેની ખાસ સુવિધા જે હવે તો ઘણાખરાં મોબાઈલમાં હોય છે.

**ઈન્ફ્રોરેડ-પોર્ટ તથા બ્લૂ-ટૂથ : (Infrareel Pcrt & Blue twoth)**
કોમ્પ્યુટર અને મોબાઈલ ફોન વચ્ચે વાયરેલસ લિન્ક સ્થાયી આપે છે. બ્લૂ-ટૂથનું ચલણ આપણે ત્યાં ખાસ નથી. પરંતુ વહેલી-મોડી એ ટેક્નોલોજી ભારતમાં ફેલાવાની છે. પરીણામે બ્લુ-ટૂથવાળો ફોન આજે વસાવો તો ખોટુ નહી.

**વોઈસ-ડાયલ (Voice Dail)**
હેન્ડસેટની ફોનબુકમાં રહેલો જે વ્યક્તીનો ફોન નં. વોઈસ ડાયલ થકી માત્ર તેનું નામ ખોલીને આપ મેળે જોડી શકાય.

**3G (Third Generation)**
મોબાઈલ ફોનની ત્રીજી પેઢી જે સામાન્ય ફોનની તુલનાઓ વધુ (૯.૮ કિલોબાઈટ/સેકન્ડ) તે બદલે ૧૨૮ કિલોબાઈટ/સેકન્ડની) ઝડપી દેશની આપ-લે કરી શકે છે. પરીણામે MMS સંદેશા તેમજ ઈન્ટરનેટ ડેટા વિના વિક્ષેપ ટ્રાન્સફર કરી શકાય છે.

**EDGE :(Enhanced Data GSM Enuironment )**
ડેટા-આપલેની ઝડપ ૩૮૪ કિલોબાઈટ્ર/સેકન્ડ ફોન થકી ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે આદર્શ છે.

**કેમેરા :(Camera)**
સ્પષ્ટ અને સુઘડ તસ્વીરો લેવી હોય તો મિનીમમ ૧.૩ મેગાપિકસેલ (૧.૩ mega pixel) તો ડિઝીટલ કેમેરા ધરાવતો ફોન લેવો જોઈએ. કેમરા સામાન્ય VGA કેમેરાનું રીગંલ્ટ સંતોષકારક હોતુ નથી.

- ધર્મેશ. પી. પટેલ (એફ.વાય.બી.એસ.સી.)

☆ ☆ ☆

# કર્નલ શીરોડકરની પેટલાદ કોલેજની મુલાકાત

યુવાનોના વિકાસમાં N.C.C. નું મહત્ત્વ સમજાવવા ઓફિસર કર્નલ શિરોડકર વિદ્યાર્થીઓ વચ્ચે પધાર્યા હતા. આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલશ્રી વિમલભાઈ જોષીએ તેમનો પરિચય આપી સ્વાગત પ્રવચન કર્યું હતું. ગુજરાત બટાલિયનના કમાન્ડીંગ ઓફિસર કર્નલ શીરોડકરે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતુ કે એન.સી.સી. રાષ્ટ્રીય સ્તરે યુવા માનસ વિકાસમાં એક અગત્યનું અંગ બની ચૂકેલ છે. નેશનલ કેડેટ કોર્ટમાં જોડાતા પ્રત્યેક વિદ્યાર્થીનું સ્ટેટ્સ પણ આપોઆપ બદલાઈ જતું હોય છે. વૈચારિક, માનસિક અને શારીરિક રીતે એક નવો જ બદલાવ એન.સી.સી. ના વિદ્યાર્થીઓમાં આવી જતો હોય છે. એન.સી.સી. માં જોડાયા પછી "સી" સર્ટી મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનું ભવિષ્ય નોકરી મેળવવામાં પણ મહત્ત્વનું પરિબળ બની રહેતું હોય છે. વાયુમાં સંબોધતાં કર્નલ શીરોડકરે જણાવ્યું હતું કે રાષ્ટ્રને આર્મીના વિવિધ પાંખોમાં બહુધા નજરી સ્માર્ટ યુવાનોની જરૂર છે. તેવા સમયે એન.સી.સી. ના માધ્યમ થકી આપ આર્મી, નેવી જેવા અનેક ક્ષેત્રોમાં પ્રભાવી નોકરી આપની રહા જોતી હોય છે. તે સાથે સરકારી પોલીસ અને સિવિલિયન નોકરીમાં પણ એન.સી.સી.નો કોર્ષ એક આધાર બની રહેતો હોય છે. તેવા સમયે આજના વિદ્યાર્થી જગતને વધુ માત્રામાં એન.સી.સી.માં જોડાવા અનુરોવ ઓફિસર શ્રી રાકેશ ટી. જશરાયે કોલેજના એન.સી.સી. ઓફિસર શ્રી રાકેશ ટી. જશરાયે ઓફિસર કર્નલ શીરોડકરનો આભાર માન્યો હતો અને વિદ્યાર્થીઓને આવી પ્રવૃત્તિમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

- પ્રજાપતિ પ્રતિજ્ઞા આર. (એફ.વાય.બી.એ.)

**મનુષ્ય સહેલાઈથી પોતાને ઇશ્વરમાની લેતો નથી એનું મુખ્ય કારણ પેટ છે.**

**બીજાના પરસેવાનો રોટલો પડાવી લેવા માણસ દયાળું પ્રભુની સહાય શોધે એના જેવું બીજુ શું ક્રૂર હોઈ શકે.**

**ખરેખર મહાન માણસ તે છે જે કોઈના ઉપર સવાર થતો નથી અને જેના ઉપર કોઈ સવાર થઈ શકતું નથી.**

**ફક્ત મનુષ્ય જ એવો જીવ છે કે જે હાસ્યની શક્તિથી સંપન્ન છે.**

- કા. પટેલ મયુરી જે. (એફ.વાય.બી.એ.)

## ગુજરાતના ઉદ્યોગો....

૧૯૬૦ ની પહેલી મે એ દ્વિભાષી મુંબઈથી છૂટા પડેલા ગુજરાત રાજ્યે અનેક દિશામાં નોંધપાત્ર પ્રગતિ મેળવી છે. ગુજરાતના અલગ રાજ્યની રચના થઈ તે વખતે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ સુતરાઉ કાપડની આસપાસ કેન્દ્રિત થયેલી હતી. સદીના પ્રથમ છ દશકામાં ગુજરાતમાં જે અન્ય ઉદ્યોગો સ્થાપેલા તેમાં મહત્વના ઉદ્યોગોની યાદી નીચે પ્રમાણે છે.

ગુજરાતમાં ઓગણીસમી સદીના પ્રથમ છ દશકા દરમિયાન સ્થપાયેલ મુખ્ય ઉદ્યોગો.

| પ્રદેશ | ઉદ્યોગ |
|---|---|
| વડોદરા | રસાયણ ઉદ્યોગ, યંત્રસામગ્રી |
| સુરત | જરી ઉદ્યોગ |
| રાજકોટ | ડિઝલ એન્જિન, ફાઉન્ડ્રી ઉદ્યોગ |
| જામનગર | પિત્તળના ભાગો બનાવવાનો ઉદ્યોગ |
| થાન/વાંકાનેર | ચિનાઈમાટીના વાસણો |
| ખંભાત | અકીક |
| સુરેન્દ્રનગર | મશીનરી |
| અમદાવાદ | યંત્રસામગ્રી |
| સંખેડા | કાષ્ઠ-કામ |
| કચ્છ | છરી-ચપ્પું |
| પાટણ | પટોળા |
| છોટાઉદેપુર | કાચા ઉદ્યોગ |

આ દૃષ્ટિએ જોતા ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ ઉત્તરોત્તર વધતો જાય છે. તેમ છતાં સાધન-સામગ્રીનો અભાવ જોવા મળે છે.

-પ્રજાપતિ વર્ષાસી., ટી.વાય.બી.એ.

## વિવિધ દેશો અને ચલણોની યાદી

| | દેશ | ચલણ |
|---|---|---|
| ૧) | ભારત | રૂપિયો |
| ૨) | યુ.એસ.એ. | ડોલર |
| ૩) | ઇંગ્લેન્ડ | પાઉન્ડ |
| ૪) | યુરોપ | યુરો |
| ૫) | જાપાન | યેન |
| ૬) | રશિયા | રૂબલ |
| ૭) | ચીન | યુઆન |
| ૮) | બાંગ્લાદેશ | ટકા |
| ૯) | ઇઝરાયેલ | રોકેલ |
| ૧૦) | મલેશીયા | રિંગીર |
| ૧૧) | ઓસ્ટ્રેલીયા | ડોલર |

- સફળતાનું રહસ્ય એ છે તમારા લક્ષ્યને હંમેશા તમારી નજર સમક્ષ રાખજો.
- સફળતા એમાં નથી કે ક્યારેય ભૂલ જ ન થાય. પરંતુ એમાં છે કે એ ભુલનું ફરી પુનરાવર્તન ન થાય.
- જ્યાં સુધી તમે હાથ બાંધીને બેઠા હો ત્યાં સુધી સફળતાની કોઈ આશા ન કરો.

## નેતૃત્વ...

નેતામાં નીચેના ગુણો હોવા જોઈએ. નેતૃત્વ એટલે....**Leadership**

L = Legeums = મહેનતુ
E = Education = શૈક્ષણિક જ્ઞાન
A = Aduejustable = સમાધાનકારી
D = Disciplin = શિસ્ત
E = Emotional = ભાવનાત્મક
R = Respect = માન આપે તેવા
S = Silence = શાંત સ્વભાવ
H = Honest = પ્રામાણિક
I = Intslusing Poer = પાવર
P = Personality = વ્યક્તિત્વ

### Meaning of ' Exam '

E = Exercise = મહાવરો કરવો
X = X to Fear = ડરથી દૂર રહો.
A = Attemp well = સારામાં સારો પ્રયત્ન કરો.
M = Memorey = યાદશક્તિ કેળવો.

કારકીર્દિ સ્વીકારવા માટે દરકાર લો.

### Meaning of ' Care '

C = Courage = હિંમત રાખો.
A = Adept = કુશળતા કેળવો.
R = Resource = સાધન-સામગ્રી જુટાવો.
E = Earning = કમાણી કરો.

-દિવાન ફરહાનાબાનુ એમ.-એફ.વાય.બી.એ.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃતિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

-સહતંત્રીશ્રી

(Printed Meter) BOOK POST

To ______________________

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬